सत्यमेव जयते

<table>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૧૪/૧૧/૨૦૨૪.</td></tr>
<tr><td>ફેસલ તારીખ</td><td colspan="3">૧૮/૦૭/૨૦૨૬.</td></tr>
<tr><td rowspan="2">અવધી</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૧</td><td>૦૮</td><td>૦૪</td></tr>
</table>

**નામ. સુપ્રિમ કોર્ટનાં SUO MOTO WRIT (CRL) NO.(S)1/17 તથા ક્રિમિનલ મેન્યુઅલનાં ચેપ્ટર-VI નાં 179Aઅન્વયેનાં નોટિફિશન નં.સી-૨૦૦૧-૯૩, તા.૨૦/૫/૨૨ નાં ઠરાવેલ પ્રફોર્મા મુજબ.**

# FORM-A

## જામનગરનાં મ્હે. સ્પેશીયલ (ઇલે.) જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ.

નેહલકુમાર રાજેશભાઇ જોષી, સ્પે. (ઇલે.) જજ, જામનગર.
(ચુકાદાની તા.૧૮/૭/૨૦૨૬)
સ્પેશીયલ (ઇલે.) કેસ નં.૩૪૮/૨૦૨૪..
આંક-૪૧.

**એફ.આઇ.આર.ની વિગતો/ગુન્હો અને પોલીસ સ્ટેશન ::-**

| | |
|---|---|
| પોલીસ સ્ટેશન | જી.યુ.વી.એન.એલ., જામનગર,<br>સેકન્ડ ગુ.ર. નં.૧૮૬૮/૨૦૨૨. |
| ગુન્હો | ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫. |
| તહોમતનામા મુજબ તહોમત | ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫. |
| ફરીયાદી | શ્રી સરકાર. (મુળ ફરીયાદી : અમિત હિરાલાલ) |
| વિ.એ.પી.પી. શ્રી | ડી.આર. ત્રિવેદી. (મુળ ફરીયાદી તરફે આર.કે. વશીયર.) |
| આરોપી | નિતાબેન વા./ઓ. દેવશીભાઇ નાથાલાલ જાદવ, ઉ.વ. ૬૬, ધંધો : ઘરકામ, રહે.પ્લોટ નં.૨૨૩/૩, શ્રી ક્રિષ્ના સ્કૂલ વાળી શેરી, દ્વારકેશ-૫, જામનગર. |
| આરોપી તરફે વિ.વ. શ્રી | કે.જી. ખાણધર. |

# FORM-B

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૯/૦૯/૨૦૨૪. |
| ફરીયાદની તારીખ | ૧૯/૦૯/૨૦૨૪. |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | ૧૬/૧૦/૨૦૨૪. |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૯/૧૨/૨૦૨૫. |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૦૧/૦૧/૨૦૨૬. |
| ચુકાદો સંક્ષીપ્તમા રાખ્યા તારીખ | ૦૪/૦૬/૨૦૨૬. |
| ચુકાદાની તારીખ | ૧૮/૦૬/૨૦૨૬. |
| સજાનાં હુકમની જો કોઇ તારીખ હોય તો | - |

**આરોપીની વિગત ::-**

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર મુક્ત કરવામા આવેલ હોય તો, તેની વિગત** | **કયા ગુન્હાનો આક્ષેપ છે?** | **નિર્દોષ છોડવામા આવ્યા કે કસુરવાર?** | **શું સજા કરી?** | **ક્રિ.પ્રો. કોડ કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામનાં કેદી તરીકે રહેલા છે?** |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | નિતાબેન વા./ઓ. દેવશીભાઇ નાથાભાઇ જાદવ. | ૧૬/૧૦/ ૨૦૨૪. | ૧૬/૧૦/ ૨૦૨૪. | ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એક્ટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબ. | કસુરવાર. | આખરી હુકમ મુજબ. | |

## FORM-C

ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટનાં સાહેદોનું લીસ્ટ ::-

**(એ) ફરીયાદ પક્ષ તરફે** ::-

| **અ.નં.** | **સાહેદનું નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| ૦૧. | અમિત હિરાલાલ ભેસદડીયા | ફરીયાદી | ૭ |
| ૦૨. | જયેશભાઇ બેચરભાઇ પરમાર | સ્થાનિક જગ્યાનાં પંચનામાનાં પંચ | ૧૫ |
| ૦૩. | જયેશ કરશનભાઇ પરમાર | –’’– | ૧૭ |
| ૦૪. | ગોપાલ નાથાભાઇ પરમાર | સ્વતંત્ર સાહેદ | ૧૮ |
| ૦૫. | પંકજ બાલેશ્વર પ્રસાદ | ચેકીંગ ટીમનાં સભ્ય | ૧૯ |
| ૦૬. | દેવશીભાઇ નાથાભાઇ જાદવ | આરોપીનાં પતિ | ૨૩ |
| ૦૭. | રણજીતસીંગ કુલદિપસીંગ | તપાસ કરનાર અધિકારી | ૨૫ |

**(બી) બચાવ પક્ષ તરફે જો સાહેદ હોય તો** ::-

| **અ.નં.** | **સાહેદનું નામ** | **વિગત** | **આંક** |
|---|---|---|---|
| - | - | - | - |

## (સી) કોર્ટ સાહેદ જો હોય તો ::-

| અ.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| - | - | - | - |

## ફરીયાદ પક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ ::-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૦૧. | ફરીયાદ | ૮ |
| ૦૨. | પુરવણી બિલ તથા પત્ર | ૯, ૧૦ |
| ૦૩. | ગેઇટપાસ | ૧૧ |
| ૦૪. | ફોટોગ્રાફસ | ૧૨ |
| ૦૫. | પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર | ૧૩ |
| ૦૬. | સરકયુલર | ૧૪ |
| ૦૭. | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૧૬ |
| ૦૮. | તપાસણી અહેવાલ | ૨૦ |
| ૦૯. | રોજકામ | ૨૧ |
| ૧૦. | એનેક્ષ્ચર-૪ | ૨૨ |
| ૧૧. | વેચાણ દસ્તાવેજ | ૨૪ |
| ૧૨. | નોટીસ | ૨૪, ૨૮ |
| ૧૩. | તપાસ સોંપ્યાની યાદી | ૨૭ |
| ૧૪. | એફ.આઇ.આર. | ૨૯, ૩૦ |
| ૧૫. | સ્ટેશન ડાયરીનાં ઉતારાની ખરી નકલ | ૩૧ |

## બચાવ પક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ ::-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

## કોર્ટ તરફે આંકે પડેલ દસ્તાવેજી પુરાવાઓ ::-

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| - | - | - |

## -:: ચુકાદો ::-

**૧.** આ કામનાં આરોપી વિરુદ્ધ ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવવામા આવેલ છે.

**૨.** ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે, તા.૧૯/૯/૨૦૨૪ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન પ્લોટ નં.૨૨૩/૩, શ્રી ક્રિષ્ના સ્કૂલવાળી શેરી, દ્વારકેશ-૫, જામનગર મુકામે આરોપીએ પોતાનાં રહેણાંક મકાન નજીક આવેલ હળવા દબાણની વિજ લાઇનનાં પોલ પર થી પ્રાઇવેટ સર્વિસ વાયર જોડી, રૂા.૬૩,૯૦૬-૭૬ પૈસાની વિજ ચોરી કરેલ હોવા મતલબની ફરીયાદ ફરીયાદીએ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, જામનગરમા પોલીસ સ્ટેશન ઓફિસર સમક્ષ નોંધાવતા ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર ગુન્હો મુજબ ગુન્હો રજીસ્ટર્ડ કરી તપાસનાં અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોવાનું જણાતા વિ.ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ, જામનગર સમક્ષ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે.

**3.** સદર કામે આરોપીને પોલીસ તપાસનાં કાગળોની નકલો મળ્યાની તેમજ બચાવ માટે સરકારી વકિલશ્રીની જરૂર છે કે કેમ? તેવી ખાત્રી કરતા તેઓ એ પોતાનાં ખર્ચે વકીલશ્રી રોકેલ હોવાનું જણાય છે. ત્યારબાદ, સદર ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચલાવવાની એકમાત્ર સત્તા સ્પેશીયલ અદાલતને હોય, વિ.ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ, જામનગરનાંઓએ આ કેસ સેશન્સ અદાલતને ટ્રાન્સમીટ કરેલ છે. ત્યારબાદ, આ સ્પેશીયલ કેસ ની સુનાવણી આ સ્પેશીયલ અદાલત મારફત હાથ ધરવામા આવેલી છે.

**૪.** આ કામનાં આરોપી વિરુદ્ધ અત્રેની કોર્ટ દ્વારા આંક-૫ થી ધી ઈન્ડિયન ઈલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબનાં ગુન્હા અંગેનું તહોમતનામુ ફરમાવી આંક-૬ થી જવાબ લેતા તેઓએ ગુન્હાનો ઈન્કાર કરતા તેઓ વિરૂદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામા આવેલી છે. જેમા ફરીયાદ પક્ષ તરફે ઉપરોકત મુજબનો મૌખીક તથા દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**૫.** ઉપરોકત મુજબનો પુરાવો લીધા બાદ ક્રિ.પ્રો. કોડ કલમ-૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન લેવામા આવેલ છે. જેમા આરોપીએ તેઓ વિરૂદ્ધ પડેલા પુરાવાઓનો ઈન્કાર કરેલ છે તેમજ તેઓ તદન નિર્દોષ હોવા નું અને તેઓને સદર ગુન્હામા ખોટીરીતે સંડોવી દેવામા આવેલા હોવાનું જણાવેલ છે.

**૬.** ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી ડી.આર. ત્રિવેદી પોતાની મૌખીક તથા મુળ ફરીયાદી તરફે આંક-૪૨ ની લેખીત દલીલોમા મુખ્યત્વે જણાવે છે કે, ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓને આધીન આરોપી વિરૂદ્ધ ધી ઈન્ડિયન ઈલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ અન્વયેનો ગુન્હો પુરવાર કરેલ હોય, આરોપીને મહત્તમ સજા કરવી જોઈએ.

**૭.** આરોપી તરફે તેમનાં વિ.વ.શ્રીએ પોતાની મૌખીક દલીલમા મુખ્યત્વે જણાવેલ છે કે, આરોપીએ આક્ષેપિત ગુન્હા સબંધેનું કોઈ જ કૃત્ય કરેલ નથી અને પોલીસ દ્વારા તેઓને ખોટીરીતે સંડોવી દેવામા આવેલ છે. ફરીયાદ પક્ષ દ્વારા માત્ર કામગીરી બતાવવા માટે કહેવાતુ ચેકીંગ કરેલ છે અને આરોપી ને ખોટીરીતે સંડોવી દીધેલ છે. બનાવવાળુ સ્થળ આરોપીની માલીકી, કબજા, ભોગવટાનું હોવાનો કોઈ પુરાવો રજુ થયેલ નથી. આ તમામ સંજોગો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી વિરુદ્ધ મુકવામા આવેલ

તહોમત પુરવાર કરવામા નિષ્ફળ ગયેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

૮. ઉપરોકત સંજોગોમા આ કેસનાં નિર્ણય માટે નીચેનાં મુદાઓ ઉપસ્થિત થાય છે ::-

**૧.** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે કે, તા.૧૯/૯/૨૦૨૪ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન પ્લોટ નં.૨૨૩/૩, શ્રી ક્રિષ્ના સ્કૂલવાળી શેરી, દ્વારકેશ-૫, જામનગર મુકામે આરોપીએ પોતાનાં રહેણાંક મકાન નજીક આવેલ હળવા દબાણની વિજ લાઇનનાં પોલ પર થી પ્રાઇવેટ સર્વિસ વાયર જોડી, રૂા.૬૩,૯૦૬-૭૬ પૈસાની વિજ ચોરી કરી ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

**૨.** શું હુકમ?

૯. ઉપરોકત મુદાઓનાં મારા નિર્ણયો નીચે મુજબ છે ::-

**૧.** હકારમા.

**૨.** આખરી હુકમ મુજબ.

-:: **કારણો** ::-

**૧૦.** આ કામે ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની અને આરોપી તરફે તેમનાં વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લેતા આરોપી વિરુદ્ધ ધી ઇન્ડિયન ઇલેકિટ્ર સિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ અન્વયે શીક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવા સબબ તહોમતનામુ ફરમાવવામા આવેલ છે ત્યારે, ફરીયાદ પક્ષ આ કામે રજુ થયેલ પુરાવાઓને આધીન આરોપી વિરુદ્ધનો ગુન્હો પુરવાર કરે છે કે કેમ? તે માટે ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખીક પુરાવાઓની ચર્ચા કરવી જરૂરી છે.

**<u>ફરીયાદી અને સાહેદોનાં પુરાવાની ચર્ચા</u>** ::-

**૧૧.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૧ તરીકે ફરીયાદી અમિતકુમાર હિરાલાલ ભેસદડીયાને આંક-૭ થી તપાસવામા આવેલા છે અને આંક-૮ થી ૧૪ સુધી ફરીયાદ, પુરવણી બિલ, પત્ર, ગેઇટ પાસ, ફોટોગ્રાફ્સ, પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર અને સરકયુલર રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૧૯/૯/૨૦૨૪ નાં રોજ ગોકુલનગર સબ ડિવિઝનમા નાયબ ઇજનેર તરીકે ફરજમા હતાં ત્યારે, ચેકીંગ અધિકારી પી.બી. પ્રસાદે આરોપીનાં રહેણાંક મકાને વિજ ચેકીંગ કરી તપાસણી અહેવાલ, રોજકામ, એનેક્ષ્ચર-૪ તૈયાર કરી સાહેદને મોકલી આપતા સાહેદે ફરીયાદ આપેલી અને બિલ આરોપીને મોકલી આપેલ.

**૧૧.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, તેઓ ચેકીંગ કરવા ગયેલ નથી અને ચેકીંગ અંગે જાતમાહિતિ નથી, ફરીયાદમા પોલ નંબરનો ઉલ્લેખ નથી, આરોપીને પુરવણી બિલ રજી.એ.ડી.થી મોકલેલ તે મળી ગયાનો પુરાવો રજુ કરેલ નથી.

**૧૨.** ફરીયાદ પક્ષ તરફે ચેકીંગ ટીમનાં સભ્ય પંકજભાઇ બાલેશ્વર પ્રસાદને સાહેદ નં.૫ તરીકે આંક–૧૯ થી તપાસવામા આવેલા છે અને આંક–૨૦ થી ૨૨ સુધી તપાસણી અહેવાલ, રોજકામ, એનેક્ષ્ચર–૪ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તા.૧૯/૯/૨૦૨૪ નાં રોજ સિટિ–૨ ડિવિઝન, જામનગરમા નાયબ ઇજનેર તરીકે ફરજમા હતાં ત્યારે, ઉપરી અધિકારીની સુચનાથી સ્ટાફનાં માણસો સાથે આરોપી નાં રહેણાંક મકાને તપાસ કરતા એલ.ટી. લાઇનમાથી ડાયરેકટ સર્વિસ વાયરથી વિજ જોડાણ લઇ ઉપયોગ કરતા હોય, સાહેદની સુચનાથી લાઇનમેને સર્વિસ વાયર કાપી નાખતા તેનો કબજો લઇ, રોજકામ કરી,

ચેકીંગશીટ ભરી, એનેક્ષ્ચર–૪, ફોટોગ્રાફસ તૈયાર કરી, ફરીયાદીને તપાસ નાં કાગળો સોંપી આપેલ.

**૧૨.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, મુદ્દામાલ પંચોની હાજરીમા કબજે કરેલ નથી, ચેકીંગ સમયે વિડિઓગ્રાફિ કરવામા આવેલ નથી, બનાવ વાળી જગ્યાનાં માલીકી અંગેનાં દસ્તાવેજો કબજે કરેલ નથી.

**૧૩.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૪ તરીકે સ્વતંત્ર સાહેદ ગોપાલભાઇ નાથાભાઇ પરમારને આંક–૧૮ થી તપાસવામા આવેલા છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તેઓનાં મકાનની દિવાલની બાજુમા આરોપીનું મકાન આવેલ છે અને એકાદ વર્ષ આસપાસ આરોપીનાં મકાને વિજ ચેકીંગ આવેલ, તે સમયે ચેકીંગ અધિકારી સાહેદનાં ઘરે પણ આવેલા અને વિજ બિલ રેફરન્સ માટે બતાવવા જણાવતા તે બતાવેલ, સાહેદ આંક–૧૩ વાળા ફોટોગ્રાફસ આરોપીનાં મકાનનાં હોવાનું ઓળખી બતાવે છે.

**૧૩.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, ચેકીંગ સમયે તેઓ હાજર ન હતાં.

**૧૪.** ફરીયાદ પક્ષ તરફે અન્ય આરોપીનાં પતિ દેવશીભાઇ નાથાભાઇ જાદવને સાહેદ નં.૬ તરીકે આંક–૨૩ થી તપાસવામા આવેલા છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, તેઓએ જમનભાઇ રાઠોડ પાસેથી મકાન લીધેલ અને આરોપી સાહેદનાં પત્નિ હોય, આરોપી ઉપર પાવર ચોરીનો કેસ થયેલો છે અને સાહેદે મકાનનો દસ્તાવેજ કરાવ્યા બાદ ત્રણ ચાર દિવસ પછી પી.જી.વી.સી.એલ.ની નોટીસ આવેલી. તેઓએ વિજ મીટર મેળવવા અરજી કરેલી અને મકાનમા ચાર પંખા, ત્રણ ટ્યુબલાઇટ, બે નાના બલ્બ, ફ્રિજ લગાવેલ તે સમયે વિજ મીટર ન હતું અને બાજુમાથી છેડો લઇ ઇલેક્ટ્રિક સામાનનો ઉપયોગ કરતા હતાં, તેઓએ પી.જી.વી.

સી.એલ.મા પૈસા ભરેલા નથી, તેઓ આંક–૧૨ વાળા ફોટોગ્રાફ્સ પોતાનાં મકાનનાં હોવાનું ઓળખી બતાવે છે.

**૧૪.૧.** ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, તે ઓએ મકાન બિલ્ડર પાસેથી તૈયાર લીધેલ અને પી.જી.વી.સી.એલ.નું ચેકીંગ આવેલો તે સમયે સાહેદ હાજર ન હતાં, તેઓ કહેતા ગયા હોય અને પોલીસવાળા તે મુજબ લખતા જતા હોય તેવું બનેલ નથી, આધારકાર્ડ અને તેઓનાં ઘરનાં દસ્તાવેજની નકલો તેઓનાં પત્નિ પાસેથી પોલીસવાળા લઇ ગયેલા હતાં.

**<u>પંચ સાહેદોનાં પુરાવાની ચર્ચા</u>** ::–

**૧૫.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૨ અને ૩ તરીકે જયેશભાઇ બેચરભાઇ પરમાર અને જયેશભાઇ કરશનભાઇ પરમારને અનુક્રમે આંક–૧૫ અને ૧૭ થી સ્થાનિક જગ્યાનાં પંચનામાનાં પંચ સાહેદો તરીકે તપાસવામા આવેલા છે અને સ્થાનિક જગ્યાનું પંચનામુ આંક–૧૬ થી રજુ કરવામા આવેલ છે. પંચ સાહેદોએ પોલીસે એક તૈયાર લખાણમા સહી કરાવેલી હોવાનું અને પંચનામામા સહી કર્યા સિવાય બીજુ કાંઇ જાણતા નથી તેવું જણાવેલ છે.

**૧૫.૧.** પંચ સાહેદોએ ફરીયાદ પક્ષનાં કેસની કે પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ ન હોવાથી વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી તેઓને ફરી ગયેલા સાહેદો તરીકે જાહેર કરીને વિગતવાર ઉલટતપાસ કરવામા આવેલી છે, જેમા પણ ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઇ જ હકીકતો જણાવેલી નથી.

**<u>પોલીસ સાહેદનાં પુરાવાની ચર્ચા</u>** ::-

**૧૬.** ફરીયાદ પક્ષ તરફે સાહેદ નં.૭ તરીકે રણજીતસીંગ કુલદિપસીંગ લુબાનાને આંક–૨૫ થી તપાસવામા આવેલા છે અને આંક–૨૬ થી ૩૧ સુધી નોટીસ, તપાસ સોંપ્યાની યાદી, એફ.આઇ.આર. અને સ્ટેશન ડાયરીનાં

ઉતારાની ખરી નકલ રજુ કરવામા આવેલ છે. તેઓ મુખ્યત્વે એવો પુરાવો આપે છે કે, સને–૨૦૨૪ મા જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, જામનગરમા હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજમા હતાં ત્યારે, આ કામની તપાસ મળતા સ્થાનિક જગ્યાનું પંચનામુ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો નોંધી, પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલુ.

**૧૬.૧.**ઉલટતપાસમા સાહેદ સ્વિકારે છે કે, તપાસનાં કામે સ્વતંત્ર સાહેદોનાં નિવેદન લેવામા આવેલ નથી, મુદ્દામાલ ફરીયાદી પાસેથી કબજે કરવામા આવેલ નથી.

**મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓની સંયુકત ચર્ચા** ::-

**મુદ્દા નંબર-૧** ::-

**૧૭.** આ કામે આરોપી વિરુદ્ધ આંક- ૫ થી તા.૧૯/૯/૨૦૨૪ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન પ્લોટ નં.૨૨૩/૩, શ્રી ક્રિષ્ના સ્કૂલવાળી શેરી, દ્વારકેશ-૫, જામનગર મુકામે આરોપીએ પોતાનાં રહેણાંક મકાન નજીક આવેલ હળવા દબાણની વિજ લાઇનનાં પોલ પરથી પ્રાઇવેટ સર્વિસ વાયર જોડી, રૂા.૬૩,૯૦૬-૭૬ પૈસાની વિજ ચોરી કરી ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબ ગુન્હો કરેલ હોવાનું તહોમતનામુ ફરમાવવામા આવેલ છે.

**૧૮.** સદર કામે આરોપી વિરુદ્ધ આંક-૫ થી ફરમાવવામા આવેલ તહોમતનામા સાથે આંક-૮ ની ફરીયાદ હકીકત ધ્યાને લેતા આરોપી વિરુદ્ધ જયારે, તા.૧૯/૯/૨૦૨૪ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન પ્લોટ નં.૨૨૩/૩, શ્રી ક્રિષ્ના સ્કૂલવાળી શેરી, દ્વારકેશ-૫, જામનગર મુકામે આરોપીએ પોતાનાં રહેણાંક મકાન નજીક આવેલ હળવા દબાણની વિજ લાઇનનાં પોલ પર થી પ્રાઇવેટ સર્વિસ વાયર જોડી, રૂા.૬૩,૯૦૬-૭૬ પૈસાની વિજ ચોરી કરેલ હોવાની હકીકત રજુ થયેલ

પુરાવાને આધીન ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે કેમ? સબબ, આ અંગે મૌખીક પુરાવાની ચર્ચા કરતા પહેલા ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ ના પ્રબંધો અને તત્વોની ચર્ચા કરવી જરૂરી બને.

**૧૩૫. વિજળીની ચોરી** ::-

**(૧)** જે કોઇ વ્યકિત બદદાનતથી

**(એ)** ઓવરહેડ, અન્ડરગ્રાઉન્ડ સાથે અથવા વેકટરલાઇન અથવા કેબલ અથવા સર્વિસ વાપર અથવા લાઇસન્સદારની સર્વિસ સગવડ સાથે જોડે, જોડાણ કરે અથવા કરાવડાવે અથવા

**(બી)** મીટર સાથે ચેડા કરે, ચેડા કરેલ મીટર નાખે અથવા વાયપરે, કરન્ટ રીવર્સિંગ ટ્રાન્સફોર્મર, લુઝ કનેકશન અથવા બીજી કોઇપણ યુકિત અથવા રીત વાપરે જે ચોકકસ અથવા યોગ્ય રજીસ્ટ્રેશન, માપ અથવા ઇલેકિટ્રક મીટરીંગ સામે હસ્તક્ષેપ કરે અથવા અન્યથા એવીરીતે પરિણમે જેનાં ઇલેકિટ્રક ઇલેકિટ્રસિટિની ચોરી થાય અથવા બગાડ થાય અથવા,

**(સી)** ઇલેકિટ્રક મીટર, સાધનો, ઓજારો અથવા વાયરને નુકશાન પહોંચાડે અને તેનો નાશ કરે અથવા એવીરીતે નુકશાની કરવા અથવા નાશ કરવાની છુટ આપે જેથી ઇલેકિટ્રસિટિનાં યોગ્ય અને ચોકકસ મીટરીંગ સાથે હસ્તક્ષેપ થાય,

જેથી કરીને ઇલેકિટ્રસિટિ જુદી પાડવામા અથવા વાપરવામા અથવા ઉપયોગ કરવામા થાય તે ત્રણ વર્ષ સુધીની કેદની અથવા દંડની અથવા બંને શીક્ષાને પાત્ર થશે.

પરંતુ, જયારે જુદો પાડેલ, વાપરેલ અથવા ઉપયોગ કરેલ લોડ અથવા પ્રયત્ન કરેલ, જુદુ પાડવાનું અથવા પ્રયત્ન કરેલ વપરાશ અથવા પ્રયત્ન કરેલ ઉપયોગ

**(૧)** ૧૦ કિલોવોટ કરતા વધે નહીં ત્યારે, તે કિસ્સામા પ્રથમ વખત દોષિત ઠર્યે નાખેલ દંડ, આવી વિજળીની ચોરી કરવાને લીધે થયેલ નાણાંકીય લાભનાં ત્રણ ગણા કરતા ઓછો ન હોવો જોઇશે

અને નાખેલ પછીનાં ગુન્હાનાં પ્રસંગે, નાખેલ દંડ આવી વિજળી ચોરીનાં લીધે થયેલ નાણાંકીય લાભનાં છ ગણા કરતા ઓછો હોવો જોઇશે નહીં.

**(૨)** ૧૦ કિલોવોટ કરતા વધુ હોય તે કિસ્સામા પ્રથમ દોષિત ઠર્યે નાખેલ દંડ, આવી વિજળી ચોરીનાં લીધે થયેલ નાણાંકીય લાભનાં ત્રણ ગણા કરતા ઓછો હોવો જોઇશે નહીં અને બીજા અથવા પછીનાં ગુન્હાનાં પ્રસંગે છ મહિના કરતા ઓછી ન હોય તેવી કેદની સજા કરવામા આવશે પણ, પાંચ વર્ષ સુધી લંબાવી શકશે.

આવી વિજળી ચોરીનાં લીધે થયેલ નાણાંકીય લાભનાં ઓછામા ઓછા છ ગણા જેટલો દંડ કરવામા આવશે.

વધુમા એવું સાબીત થાય કે, કોઇપણ કૃત્રિમ સાધનો અથવા ગ્રાહકે વાપરેલી વિજળી જુદી પાડવા, વાપરવા અથવા ઉપયોગ કરવા માટે બોર્ડે અથવા લાઇસન્સદારે અધિકૃત કર્યા ન હોય તે સાધનો અસ્તિત્વમા હોય તો, વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી એવું માની લેવામા આવશે કે, કોઇપણ ઇલેક્ટ્રિકસિટિ જુદુ પાડવા નું, વપરાશ અથવા ઉપયોગ અથવા આવા ગ્રાહકે બદદાનતથી કરેલ છે.

**(૨)** રાજય સરકારે આ અર્થે અધિકૃત કરેલ કોઇપણ અધિકારી-

**(એ)** જેમા તેને એવું માનવાને કારણ હોય કે, વિજળી, અનધિકૃતરીતે વાપરવામા આવી છે અથવા વાપરવામા આવી રહી છે તેવા કોઇ પણ સ્થળ અથવા જગામા પ્રવેશી શકશે, તપાસી શકશે, તોડીને ખોલી શકશે અને ઝડતી લઇ શકશે,

**(બી)** વિજળીનાં અધિકૃત ઉપયોગ માટે વાપરવામા આવી હોય અથવા વપરાઇ રહી હોય તેવી તમામ ડિવાઇસ, ઓજારો,

વાયર અને બીજી કોઈપણ સગવડો અથવા ચિજ વસ્તુ જપ્ત કરી શકશે, કબજે લઇ શકશે,

**(સી)** હિસાબનાં ચોપડા અથવા દસ્તાવેજો તપાસી શકશે અથવા કબજે લઇ શકશે જે તેનાં અભિપ્રાય મુજબ પેટા કલમ (૧) હેઠળનાં ગુન્હાનાં સબંધમા કોઇ કર્મચારી માટે અથવા તેનાં સબંધમા ઉપયોગી થશે અને જેની કસ્ટડીમાથી આવા હિસાબ નાં ચોપડા અથવા દસ્તાવેજ કબજે લીધા હોય તેમાથી વ્યકિત ને તેની નકલ કરવા દઇ શકશે અથવા તેની હાજરીમા તેમાથી ઉતારો લઇ શકશે.

**(3)** ઝડતીનાં સ્થળનો ભોગવટેદાર અથવા તેનાં વતી કોઇપણ વ્યકિત ઝડતી દરમિયાન હાજર રહેશે અને આવી ઝડતી દરમિયાન કબજે લીધેલી તમામ વસ્તુઓની યાદી તૈયાર કરવી જોઇશે અને આવા ભોગવટેદાર અથવા આવી વ્યકિતને આપશે, તેણે યાદીમા સહી કરવી જોઇશે.

પરંતુ, કોઇપણ ધંધાનું સ્થળ અથવા જગાની તપાસ, ઝડતી અને જપ્તિ સુર્યોદય અને સુર્યાસ્ત વચ્ચે આવી જગાનો ભોગવટો કરતા પુખ્ત પુરૂષ સભ્યોની હાજરી સીવાય કરી શકાશે નહીં.

**(૪)** જપ્તિ અને ઝડતીને લગતી ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (સન ૧૯૭૪ નાં બીજા)ની જોગવાઇઓ, શકય હોય તેટલે સુધી આ અધિનિયમ હેઠળની જપ્તિ અને ઝડતીને લાગુ પડશે.

**૧૯.** આરોપી વિરુદ્ધ આંક-૫ થી ફરમાવેલ તહોમતનામા સાથે ઉપરોકત ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ-૨૦૦૩ ની કલમ-૧૩૫ નાં પ્રબંધો નજર સમક્ષ રાખી ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખીક પુરાવો ધ્યાને લેતા સદર કામે આંક-૭ થી ફરીયાદી અમિતકુમાર હિરાલાલ ભેસદડીયાને તપાસવા મા આવેલા છે અને આંક-૮ થી રજુ કરવામા આવેલી ફરીયાદ લક્ષમા લેતા તા.૧૯/૯/૨૦૨૪ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ

દરમિયાન પ્લોટ નં.૨૨૩/૩, શ્રી ક્રિષ્ના સ્કૂલવાળી શેરી, દ્વારકેશ-૫, જામનગર મુકામે આરોપીએ પોતાનાં રહેણાંક મકાન નજીક આવેલ હળવા દબાણની વિજ લાઇનનાં પોલ પર થી પ્રાઇવેટ સર્વિસ વાયર જોડી, રૂા.૬૩,૯૦૬-૭૬ પૈસાની વિજ ચોરી કરેલી છે તે મતલબની ફરીયાદ ફરીયાદી દ્વારા આરોપી વિરુદ્ધ નોંધાવવામા આવેલ હોવાનું જણાય છે.

**૨૦.** આંક-૮ ની ફરીયાદ સાથે આંક-૭ નાં ફરીયાદીનો પુરાવો લક્ષમા લેતા હકીકત સ્પષ્ટ છે કે, આંક-૮ નાં ફરીયાદી પોતે ચેકીંગમા ગયેલા નથી. તેથી, આ કામે ચેકીંગ ટીમનાં સભ્ય પંકજભાઇ બાલેશ્વર પ્રસાદને આંક-૧૯ થી તપાસવામા આવેલા છે. આ સાહેદનાં સમગ્ર પુરાવાને ધ્યાને લેતા તેઓ વિજ ચેકીંગ કરવા માટે ચેકીંગ ટીમનાં સભ્યો સાથે બનાવવાળા સ્થળે ગયેલા હતાં અને વિજ જોડાણ તપાસીને અહેવાલ, રોજકામ અને દસ્તાવેજો તૈયાર કરવામા આવેલ હોવાનું જણાઇ આવે છે. તેઓએ આ કામે ફોટોગ્રાફિ કરવામા આવેલી હોવાનું જણાવેલ છે અને આ અંગે પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નું પ્રમાણપત્ર ફરીયાદ પક્ષ તરફે આંક-૧૩ થી તથા ફોટોગ્રાફસ આંક-૧૨ થી રજુ કરવામા આવેલ છે.

ઉલ્લેખનીય છે કે, આ કામે ફોટોગ્રાફિ ચેકીંગ ટીમનાં સભ્ય દ્વારા કરવામા આવેલી છે અને તે અંગેનું પ્રમાણપત્ર ફરીયાદી દ્વારા આપવામા આવેલ છે. ઉપરાંત બચાવ પક્ષ તરફે આંક-૧૩ નાં પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) નાં પ્રમાણપત્ર કે આંક-૧૨ નાં ફોટોગ્રાફસ અંગે ઉલટ તપાસમા ફરીયાદી કે ચેકીંગ ટીમનાં સભ્યને અન્ય કોઇ પ્રશ્ન પુછવામા આવેલ નથી કે તેને પડકારવામા આવેલ નથી. આવા સંજોગોમા આંક-૧૩ અને ૧૨ ની હકીકતો બચાવ પક્ષ તરફે સ્વિકૃત હોવાનું માની શકાય તેમ છે.

**૨૧.** આંક–૮ ની ફરીયાદ સાથે આંક–૭ નાં ફરીયાદીનો પુરાવો લક્ષમા લેતા હકીકત સ્પષ્ટ છે કે, આંક–૭ નાં ફરીયાદી પોતે ચેકીંગમા ગયેલા નથી અને આંક–૧૯ નાં સાહેદ ચેકીંગ ટીમનાં સભ્ય પંકજભાઇ બાલેશ્વર પ્રસાદ ચેકીંગમા ગયેલા છે, તેઓનાં સમગ્ર પુરાવાને ધ્યાને લેતા આ સાહેદ વિજ ચેકીંગ કરવા માટે બનાવવાળા સ્થળે ગયેલા હતાં અને વિજ જોડાણ તપાસીને આંક–૨૦ નો તપાસણી અહેવાલ અને આંક–૨૧ નું રોજકામ કરવામા આવેલ હોવાનું જણાય છે. એટલું જ નહીં પરંતુ, ઉપરોકત રજુ દસ્તાવેજોની હકીકતો મુજબ પી.જી.વી.સી.એલ.નાં સક્ષમ અધિકારી દ્વારા બનાવ સ્થળ ઉપર તપાસ કરતા આરોપીએ સર્વિસ વાયર નજીકથી પસાર થતી એલ.ટી. લાઇનમાથી લઈ પોતાનાં મકાનમા આવેલ વાયરીંગ સાથે જોડી વિજ ચોરી કરેલી હોવાની હકીકત જણાય છે. આંક–૨૬ અને ૨૮ થી આરોપીને આપવામા આવેલી નોટીસો કે જેમા પણ આરોપીનું જ સરનામુ છે અને આ નોટીસો પૈકી આંક–૨૮ ની નોટીસ તથા આંક–૨૪ નાં વેચાણ દસ્તાવેજમા પણ આરોપીની સહી છે તે રજુ થયેલ છે.

**૨૨.** ઉલ્લેખનીય છે કે, ઉપરોકત હકીકતો સાથે આંક–૨૨ થી રજુ કરવામા આવેલ એનેક્ષ્ચર–૪ જે સિઝર મેમો પણ ચેકીંગ ટીમનાં અધિકારીએ તૈયાર કરેલો હોવાનું જણાય છે. આંક–૨૨ નાં એનેક્ષ્ચર–૪ મુજબ પીળા કલરનો આશરે ૧૦ મિટર વાયર સ્થળ ઉપરથી કબજે કરવામા આવેલો હોવાનું જણાઇ આવે છે.

**૨૩.** ઉલ્લેખનીય છે કે, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામા આવે તો, આરોપીનાં મકાનમા વિજ ચેકીંગ આવેલ હોવાની હકીકત એક યા બીજી રીતે આંક–૧૮ નાં સ્વતંત્ર સાહેદ કે જેઓ આરોપીની બાજુમા રહે છે તેમણે સ્પષ્ટપણે જણાવેલી છે અને તેમણે આંક–૧૨ નાં ફોટોગ્રાફસ પણ આરોપીનાં મકાનનાં છે તે ઓળખી બતાવેલા છે. એટલું જ નહીં પરંતુ,

આંક–૨૩ થી તાસવામા આવેલા આરોપીનાં પતિનાં પુરાવા મુજબ પણ બનાવવાળી જગ્યા આરોપીની માલીકી, કબજા, ભોગવટાની હોવાનું તથા આંક–૧૨ વાળા ફોટોગ્રાફસ તેઓનાં મકાનનાં હોવાનું પુરવાર થાય છે. આરોપીનાં પતિની જુબાની મુજબ આરોપીનાં મકાનમા ચાર પંખા, ત્રણ ટયુબલાઇટ, બે નાના બલ્બ, ફ્રિજ લગાવેલ તે સમયે વિજ મિટર ન હતું અને ઇલેકિટ્રક સામાનનો ઉપયોગ કરતા હતાં અને તેમણે પી.જી.વી.સી. એલ.મા પૈસા ભરેલા નથી તેવું જણાવે છે. આંક–૨૬, ૨૮ ની નોટીસો તથા આંક–૨૪ નાં વેચાણ દસ્તાવેજમા પણ આરોપીનું જ સરનામુ છે અને નોટીસો પણ આરોપીને બજી ગયેલ હોવા મતલબની આરોપીની આંક–૨૮ મા સહી પણ છે. આવા સંજોગોમા ઉપરોકત કરવામા આવેલી ચર્ચા અનુસાર આરોપીએ નજીકની એલ.ટી. લાઇનમાથી ડાયરેકટ વિજ જોડાણ મેળવી વિજ ચોરી કરેલી હોવાની હકીકત પુરવાર થાય છે તેમજ આરોપી તરફે તેઓ વિજ મિટર ધરાવતા હોવા મતલબનો પણ કોઈ વિપરીત પુરાવો રજુ કરવામા આવેલો નથી. તેથી, ફરીયાદ પક્ષ તરફે વિજ કંપનીનાં અધિકારીઓ દ્વારા વિજ ચેકીંગ દરમિયાન આરોપીનાં મકાનમા ગેરકાયદેસરરીતે વિજ ચોરી થતી હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે.

**૨૪.** આમ, ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામા આવેલ ઉપરોકત તમામ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મૂલ્યાંકન કરતા ફરીયાદી કંપનીનાં અધિકારી આરોપીની દુકાને વિજ ચકાસણી કરવા માટે ગયેલ તે વખતે આરોપીની હાજરીમા વીજ ચકાસણી કરતા બીનઅધિકૃતરીતે વિજ ચોરી કરેલી હોવાની હકીકત જણાઇ આવતા સર્વિસ વાયર ઉતારી, કબજે લીધેલ હોવાનું અને આરોપીએ વિજ પ્રવાહનો ગેરકાયદેસર ઉપયોગ કરેલ છે તેવું રેકર્ડ ઉપર આવેલ છે. ઉપરાંત પુરવણી બિલની રકમ પણ આરોપીએ ભરપાઇ કરેલી હોવાની કોઇ રજુઆત આરોપી તરફે થયેલી નથી.

**૨૫.** આ તબકકે ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ–૨૦૦૩ ની કલમ–૧૫૪ (૫) નાં પ્રબંધો ધ્યાને લેવા જરૂરી છે, જે નીચે મુજબ છે ::–

**(ખાસ કોર્ટે, ઉર્જાની ચોરી શોધ્યાની તારીખથી અગાઉનાં બાર મહિના સુધી અથવા ચોરીની ચોકકસ મુદત નકકી કરવામા આવે તો તે મુદત, એ બેમાથી ઓછી હોય તે માટે લાગુ પડતા ટેરીફ દરોનાં બે ઘણા બરાબરની રકમ કરતા ઓછી ન હોય તેવી ઉર્જાની ચોરી કરવા માટે નાણાંના સ્વરૂપ મા ગ્રાહક સામે અથવા વ્યકિતની સામે દિવાની જવાબદારી નકકી કરવી જ જોઇશે)** અને એવી રીતે નકકી કરેલી દિવાની જવાબદારીની રકમ, જાણે કે દિવાની કોર્ટનું હુકમનામુ હોય તેમ વસુલ કરવામા આવશે.

ઉલ્લેખનીય છે કે, ઉપરોકત જોગવાઇ મુજબ વિજ કંપની તરફથી આરોપીને રૂા.૬૩,૯૦૬–૭૬ પૈસાની વિજ ચોરીનું બિલ આપવામા આવેલ છે, જે આરોપી તરફે પડકારવામા આવેલ નથી અને તે રકમ આરોપી દ્વારા વિજ કંપનીને ભરપાઇ કરવામા આવેલી નથી. આવા સંજોગોમા વિજ કંપની આ રકમ વસુલ મેળવવા હકકદાર છે. હાલની કોર્ટ ને ઉપરોકત કલમ–૧૫૪(૫) મુજબ સિવિલ જવાબદારી નકકી કરવાની પણ સત્તા છે, જે મુજબ સિવિલ કોર્ટની ડિક્રિ મુજબ વસુલી શકાય છે.

**૨૬.** ઉપરોકત સમગ્ર ચર્ચા ધ્યાને લેતા ફરીયાદ પક્ષ તરફે કરવામા આવેલા આક્ષેપો મુજબની હકીકત ફરીયાદ પક્ષ તરફે નિ:શંકપણે પુરવાર થાય છે અને તા.૧૯/૯/૨૦૨૪ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓનાં ચેકીંગ દરમિયાન પ્લોટ નં.૨૨૩/૩, શ્રી ક્રિષ્ના સ્કૂલવાળી શેરી, દ્વારકેશ–૫, જામનગર મુકામે આરોપીએ પોતાનાં રહેણાંક મકાન નજીક આવેલ હળવા દબાણની વિજ લાઇનનાં પોલ પરથી પ્રાઇવેટ સર્વિસ વાયર જોડી, રૂા.૬૩,૯૦૬–૭૬ પૈસાની વિજ ચોરી કરેલી હોવાની હકીકત રજુ થયેલ

પુરાવાઓને આધીન ફરીયાદ પક્ષ તરફે પુરવાર થતી હોવાનું જણાઇ આવે છે.

**પંચનામાની ચર્ચા** ::–

**૨૭.** સદર કામે આંક–૧૬ થી સ્થાનિક જગ્યાનું પંચનામુ રજુ થયેલ છે. આંક–૧૬ નું પંચનામુ ધ્યાને લેતા ગુન્હો આરોપીનાં મકાને વિજ ચોરી થતી હોવાનું જણાય છે. આંક–૧૬ નાં પંચનામાની વિગતે બનાવ સ્થળેથી કોઇ ચિજ વસ્તુ કબજે લેવામા આવેલી હોવાનું જણાઇ આવતુ નથી. સદર પંચનામાને પંચ સાહેદોએ પણ મહદ અંશે સમર્થન આપેલુ છે અને વિરુદ્ધ ની કોઇ હકીકતો આરોપી પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી.

**પોલીસ સાહેદોનાં પુરાવાની ચર્ચા** ::–

**૨૮.** સદર કામે ફરીયાદ પક્ષ તરફે આંક–૨૫ થી તપાસ કરનાર અધિકારી રણજીતસીંગ કુલદિપસીંગ લુબાનાને તપાસવામા આવેલા છે. આ પોલીસ સાહેદનો પુરાવો લક્ષમા લેતા તેઓ દ્વારા સ્વાભાવિકરીતે જ પોતાની ફરજ નાં ભાગ રૂપે સદર ગુન્હાનાં કામે કરેલ કામગીરીનું વર્ણન પોતાનાં સોગંદ ઉપરનાં પુરાવામા વિગતવાર જણાવવામા આવેલ છે. આવા સંજોગોમા ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાની ઉપરોકત સમગ્ર ચર્ચા લક્ષમા લેતા આરોપી સામે આંક–૫ થી ફરમાવેલ તહોમત નામાની વિગતે તા.૧૯/૯/૨૦૨૪ નાં રોજ વિજ કંપનીનાં અધિકારીઓ નાં ચેકીંગ દરમિયાન પ્લોટ નં.૨૨૩/૩, શ્રી ક્રિષ્ના સ્કૂલવાળી શેરી, દ્વારકેશ–૫, જામનગર મુકામે આરોપીએ પોતાનાં રહેણાંક મકાન નજીક આવેલ હળવા દબાણની વિજ લાઇનનાં પોલ પરથી પ્રાઇવેટ સર્વિસ વાયર જોડી, રૂ.૬૩,૯૦૬–૭૬ પૈસાની વિજ ચોરી કરેલ હોવાની હકીકત રજુ થયેલ પુરાવાને આધીન ફરીયાદ પક્ષ તરફે પુરવાર થાય છે.

**૨૯.** આમ, ઉપરોકત સમગ્ર પુરાવો તથા દલીલો અને ચર્ચા ધ્યાને લેતા ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવાથી આરોપી વિરુદ્ધ ધી ઈન્ડિયન ઈલેકિટ્રસિટિ એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ અન્વયેનો ગુન્હો નિ:શંક પણે પુરવાર કરેલ હોય, મુદ્દા નં.૧ નો જવાબ હકારમા આપવામા આવે છે અને આરોપીને ધી ઈન્ડિયન ઈલેકિટ્રસિટિ એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનાં ગુન્હા અન્વયે તકસીરવાન ઠરાવી સજા કેમ ન કરવી સબબ કોઈ કારણ જણાતુ ન હોય, મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

–:: **હુકમ** ::–

**૧.** ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૨) અન્વયે આરોપી નિતાબેન વા./ઓ. દેવશીભાઈ નાથાલાલ જાદવ, ઉ.વ. ૬૬, ધંધો : ઘરકામ, રહે.પ્લોટ નં.૨૨૩/૩, શ્રી ક્રિષ્ના સ્કૂલવાળી શેરી, દ્વારકેશ–૫, જામનગરને ધી ઈન્ડિયન ઈલેકિટ્રસિટિ એકટ કલમ–૧૩૫ મુજબનાં તહોમત સબબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામા આવે છે અને સજા અંગે સાંભળવા કામ મુલત્વી રાખવાનો હુકમ કરવામા આવે છે.

જામનગર.
તા.૧૮/૮/૨૦૨૬..

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 18/07/2026 16:10:34 IST.

(**નેહલકુમાર રાજેશભાઈ જોષી**)
સ્પેશીયલ (ઈલે.) જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર

**૩૦.** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપી તરફે તેમનાં વિ.વ. શ્રીને સાંભળ્યા.

**૩૧.** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આરોપીને ધી ઈન્ડિયન ઈલેકિટ્ર સિટિ એકટ–૨૦૦૩ નીકલમ–૧૩૫ અન્વયે તકસીરવાન ઠરાવેલ હોય, મહત્તમ સજા કરવા દલીલ કરેલી છે.

**૩૨.** આરોપી તરફે એવી રજુઆત છે કે, આરોપી ઉપર તેમનાં ઘરની જવાબદારી છે તેમજ આરોપી ગરીબ અને સ્ત્રી વર્ગનાં છે. તે તમામ સંજોગોમા રહેમ નજર રાખવા વિનંતી કરવામા આવેલી છે.

**૩૩.** બંને પક્ષનાં વિ.વ.શ્રીઓની રજુઆતો ધ્યાને લેવામા આવેલ છે. આરોપી એ જે પ્રકારનો ગુન્હો કરેલ છે તે કેસની હકીકત પણ ધ્યાને લેવામા આવેલ છે. આરોપીએ એક ગંભીર પ્રકારનો, સમાજ અને સરકાર ઉપર વિપરિત અસર પેદા કરે તેવો ગુન્હો કરેલ છે અને આવા ગુન્હા સમાજમા દિન પ્રતિદિન વધતા જતા હોવાની પણ હકીકત છે. આમ, હાલનાં કેસની હકીકત, આરોપીની ઉંમર, સ્થિતિ, કાયદામા સુદરહુ ગુન્હાની જોગવાઈ ઓ જોતા આરોપીને હુકમમા જણાવ્યા મુજબની સજા તથા દંડનો હુકમ કરવામા આવશે તો, યોગ્ય, વ્યાજબી અને ઉચિત રહેશે તથા તેનાથી ન્યાયનો હેતુ પણ સિદ્ધ થાય તેમ છે. તેથી, મુદ્દા નં.ર લગત નીચે મુજબ નો હુકમ કરવામા આવે છે.

**૩૪. <u>મુદ્દા નં.ર લગત આખરી હુકમ</u>** ::–

હવે, આ કામે આરોપીને ધી ઈન્ડિયન ઈલેકિટ્રસિટિ એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનાં ગુન્હાનાં તહોમત સબબ તકસીરવાન ઠરાવવામા આવેલ છે. આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સનો લાભ આપવા અંગે નિર્ણય કરવાનો છે કે, શું આરોપીને જે ગુન્હા સબબ તકસીરવાન ઠરાવેલ

છે તે ગુન્હા માટે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની જોગવાઇઓ તથા ક્રિ.પ્રો. કોડ કલમ– ૩૬૦, ૩૬૧ ની જોગવાઇઓનો લાભ આપવા પાત્ર છે કે કેમ?

**૩૫.** હાલનાં તબકકે પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સ એકટની કલમ–૩, ૪ જોવામા આવે તો, તેમા પણ ક્રિ.પ્રો. કોડ કલમ–૩૬૦, ૩૬૧ જેવી જોગવાઇ કરવામા આવેલી છે. સદરહુ કાયદાની કલમ–૫ મા વળતર અને ખર્ચ ચુકવવાની જોગવાઇ કરવામા આવેલી છે. આ કામે રેકર્ડ જોતા આરોપીને અગાઉ કોઇ કેસમા સજા કરવામા આવેલી હોય તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી. આરોપીને ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ–૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબનાં ગુન્હા સબબ તકસીરવાન ઠરાવવામા આવેલ છે. આ કામનો ગુન્હો નોંધાયા બાદ આરોપીએ આવો ગુન્હો આચરેલ હોય તેવું રેકર્ડ ઉપર આવેલ નથી. ગુન્હો ૨૦૨૪ ની સાલનો છે. જેથી, આરોપી ને પ્રોબેશનનો લાભ આપવા માટે તથા સારી ચાલ ચલગતનાં જામીન આપ્યેથી મુકત કરવા યોગ્ય કેસ હોવાનો સંતોષ થયેલ છે. જેથી, મુદ્દા નં.૨ નો જવાબ હકારમા આપવામા આવે છે અને નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

–:: **આખરી હુકમ** ::–

**૧.** ક્રિ.પ્રો. કોડની કલમ–૨૩૫(૨) અન્વયે આરોપી નિતાબેન વા./ઓ. દેવશીભાઇ નાથાલાલ જાદવ, ઉ.વ. ૬૬, ધંધો : ઘરકામ, રહે.પ્લોટ નં.૨૨૩/૩, શ્રી ક્રિષ્ના સ્કૂલ વાળી શેરી, દ્વારકેશ–૫, જામનગરને ધી ઇન્ડિયન ઇલેકિટ્રસિટિ એકટ કલમ–૧૩૫ મુજબનાં ગુન્હામા બે(૨) વર્ષ ની સાદી કેદની સજા અને રૂા.૧,૯૨,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ બાણુ હજાર પુરા) દંડ અને દંડની રકમ ન ભરે તો, વધુ ૬(છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

**વિકલ્પે**

**૨.** ઉપરોકત ચર્ચાને ધ્યાને રાખતા પ્રોબેશનનો લાભ આપવો યોગ્ય જણાતુ હોય, આરોપીએ સજા કે દંડ ભોગવવાનાં રહેશે નહીં, બે વર્ષનાં સમય ગાળા માટે સારા વર્તનની શરતે પ્રોબેશન મંજુર કરેલ છે, તેમણે નીચે મુજબની શરતોનું પાલન કરવાનું રહેશે.

–:: **શરતો** ::–

(૧) આરોપીએ રૂા.૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા)નાં જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકા આ હુકમની તારીખથી સાત દિવસમા આપવાનાં રહેશે.

(૨) આરોપીએ રૂા.૧૫,૦૦૦/– (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ફરીયાદીને વળતર તરીકે ચુકવવા હાલનાં હુકમની તારીખથી દિન –૩૦ મા અત્રેની સેશન્સ કોર્ટમા જમા કરાવવાનાં રહેશે, જે રકમ ફરીયાદી અરજી કરી મેળવી શકશે.

(૩) આરોપીએ પોતાની વર્તણૂંક સારી રાખવાની રહેશે અને શાંતિ જાળવવી.

(૪) આરોપીએ પોતાનાં કુટુંબ સાથે પોતે કયાં રહેશે તે સરનામુ તેમજ મોબાઇલ નંબરો જાહેર કરવાનાં રહેશે અને અત્રેની સેશન્સ કોર્ટની પરવાનગી સિવાય તે મોબાઇલ નંબર કે સરનામુ બદલી શકશે નહીં.

(૫) જો, આરોપી ઉપરોકત શરતોનો ભંગ કરે તો, ક્રિ.પ્રો. કોડ કલમ–૩૬૦ મુજબ આગળની કાર્યવાહી કરવામા આવશે અને હાલનો પ્રોબેશનનો હુકમ રદ થયેલો ગણાશે અને આરોપીએ સજા ભોગવવાની રહેશે.

(૬) બે વર્ષ સુધીનાં સમયગાળામા જો કોર્ટ આદેશ કરે તો, તેવા સંજોગોમા આરોપીએ સજા ભોગવવા માટે હાજર રહેવાનું રહેશે.

(૭) સદર બે વર્ષ દરમિયાન આરોપી પ્રોબેશન ઓફિસરનાં સુપરવિઝન મા રહેશે તથા દર મહિને તેમની ઓફિસમા હાજર રહેશે.

**૩.** સદર કામે તપાસ અર્થે કબજે લેવામા આવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે.

**૪.** ફરીયાદ પક્ષ આરોપી પાસેથી રૂા.૬૪,૦૦૦/- (અંકે રૂપિયા ચોસઠ હજાર પુરા) ધી ઈન્ડિયન ઈલેક્ટ્રિસિટિ એકટ કલમ-૧૫૪(૫) મુજબ વિજ ચોરીનાં બિલની રકમ વસુલ મેળવવા હકકદાર રહેશે, તેનાં માટે અલગથી દાવો કરવાનો રહેશે નહીં, હુકમની અમલવારી સિવિલ કોર્ટની ડિક્રિ મુજબ દરખાસ્ત દાખલ કરીને થઇ શકશે.

**૫.** ક્રિ.પ્રો. કોડ કલમ-૩૬૩ મુજબ આરોપીને આ ચુકાદાની એક નકલ વિના મૂલ્યે આપવી.

**૬.** ક્રિ.પ્રો. કોડ કલમ-૩૬૫ મુજબ આ હુકમની એક નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, જામનગરને મોકલી આપવી.

**૭.** આ હુકમની યાદી પ્રોબેશન અધિકારીશ્રી તથા પી.જી.વી.સી.એલ.ને કરવી અને પ્રોબેશન અધિકારીએ દર છ મહિને આરોપીની ચાલ ચલગત અંગે રીપોર્ટ કરવો.

ચુકાદો આજરોજ તા.૧૮મી જુલાઇ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમા હુકમ વાંચી, સંભળાવી, સહી કરી, જાહેર કર્યો.

જામનગર.
તા.૧૮/૭/૨૦૨૬..
વી.વી. જોટાણીયા.

Digitally signed by
NEHAL RAJESHBHAI JOSHI
on 18/07/2026 16:10:44 IST.

(**નેહલકુમાર રાજેશભાઇ જોષી**)
સ્પેશીયલ (ઇલે.) જજ
કોડ નં.જીજે ૦૧૩૧૮, જામનગર